100% ચટાકો

# મિડ-ડે

Jagran
A JAGRAN INITIATIVE
મુંબઈ, રવિવાર, ૧૪ એપ્રિલ ૨૦૧૩, ₹ ૫.૦૦
Postal Registration No. MH/MR/WEST/67/2012-2014
સન્ડે સ્પેશ્યલ
૧૬ પાનાં + ૨૦ પાનાં sunday સરતાજનાં
website : www.gujaratimidday.com

# ભટકી ગયેલા ઈરાનીને ગુજરાતી બિઝનેસમૅને સાચી રાહ બતાવી

**કિશોરાવસ્થામાં જ બૉલીવુડથી અંજાઈને પૈસા ભેગા કરીને ગયા વર્ષે ભારત આવી ગયેલો યુવાન ચેમ્બુરના અજય શાહને માનસિક રીતે અસ્વસ્થ હોવા છતાં અસામાન્ય લાગ્યો એટલે સાઇકિયાટ્રિસ્ટની મદદ લઈને તેની સારવાર કરાવી : સ્વસ્થ થતાં માનવતાનાં સંસ્મરણો સાથે પોતાના સુશિક્ષિત પરિવાર પાસે પાછો સ્વદેશ જવા માટે તૈયાર થયો**




**માનવતાનો અનુભવ :** સુધાર કેન્દ્રમાં સારવાર લીધા બાદ સેયેદ મોહસેન મિરજલિલી (જમણે) આ રીતે ચિત્રો દોરીને વાતો સમજાવવાનો પ્રયાસ કરતો હતો.

**શૈલેશ ભાટિયા**
મુંબઈ, તા. ૧૪

લગભગ સાડાત્રણ મહિના અગાઉ ચેમ્બુરની ફૂટપાથ પરથી ભૂખ્યો-તરસ્યો અને ભિક્ષુક જેવો અને માનસિક રીતે અસ્થિર જણાતો ૨૫ વર્ષથી વધુ વયનો એક યુવક મળી આવ્યો હતો. એક ગુજરાતી બિઝનેસમેન અને કેટલાંક સેવાભાવી મુંબઈગરાઓએ તેને આવી સ્થિતિમાંથી બહાર લાવવાના પ્રયત્નો કર્યા હતા જે આજે રંગ લાવ્યા છે. માનવતા હજી ધબકી રહી છે એના જીવતાજાગતા ઉદાહરણરૂપ આ યુવક ખરેખર તો ઈરાનનો છે અને ટૂંક સમયમાં તે પોતાના સુશિક્ષિત પરિવારજનો પાસે સ્વદેશ પાછો ફરશે. આજે સ્વસ્થ ચિત્તે વાતચીત કરતાં સેયેદ મોહસેન મિરજલિલી સાથે 'મિડ-ડે'એ ગઈ કાલે વાતચીત કરી એ મુંબઈની માનવતાની સાચી ઓળખ છે.

સેયેદે કહ્યું હતું કે 'હું મારી કિશોરવયથી જ ભારત અને ભારતીય સંસ્કૃતિથી ઘણો પ્રભાવિત રહ્યો છું. મારી ઇચ્છા ભારતીયોને મળવાની હતી અને હું હંમેશાં અમિતાભ બચ્ચન, સલમાન ખાન અને શાહરુખ ખાનની ફિલ્મો પણ જોતો હતો. સદ્‌ભાગ્યે મને ભારતમાં કોઈ ખરાબ વ્યક્તિનો ભેટો નથી થયો. મારા યાઝ્ડ (ઈરાનના એક શહેર) ખાતેના સિરૅમિકના

અનુસંધાન ચોથે પાને »



## ઈરાનીને ગુજરાતીએ રાહ બતાવી

પહેલે પાનેથી ચાલુ

બિઝનેસમાંથી થોડા પૈસા એકઠા થયા એટલે મેં ભારત આવવાનું નક્કી કર્યું અને ૨૦૧૨ની ૨૫ જાન્યુઆરીએ ઈરાનથી વાયા દુબઈ મુંબઈ સુધી વિમાનમાં આવ્યો હતો (આ સંબંધી હકીકતો ઈરાનની એમ્બેસીમાંથી કન્ફર્મ થઈ હતી). સેયેદે કહ્યું હતું કે 'હું ગોવા અને દક્ષિણ ભારતમાં ફર્યો હતો અને ત્યાંથી પાછો ફરતી વખતે શું થયું એ મને યાદ નથી, પરંતુ આજે હું આ સુધારગૃહમાં છું એટલું જાણું છું.'

આ યુવકને જ્યાં સારવાર અપાઈ હતી એ શ્રદ્ધા સુધારગૃહનાં સ્વયંસેવિકા ઉપાસના દર્યાનાનીએ કહ્યું હતું કે 'તેણે માનસિક હાલત સારી થતાં અમને જણાવ્યું હતું કે મારું લગ્નજીવન બે વર્ષમાં પડી ભાંગ્યું હતું અને મને બે વર્ષની એક પુત્રી છે. મારા પરિવારમાં માતા-પિતા અને બે ભાઈઓ છે. મારો એક નાનો ભાઈ કમ્પ્યુટરનો પ્રોફેસર છે. મારા પિતા ત્યાંના જાણીતા ધર્મગુરુ છે. આજે સેયેદ પોતાના ઘરે જવા થનગની રહ્યો છે અને ભારતમાં તેને માનવતાના જે અનુભવ મળ્યા એ બદલ આપણો આભાર વ્યક્ત કરી રહ્યો છે.'

જોકે ચેમ્બુરની ફૂટપાથ સુધી તે કઈ રીતે પહોંચી ગયો એ હજી સસ્પેન્સ જ છે, પરંતુ ત્યાં તેને રોજ સવારે ચાલવા નીકળતા ગુજરાતી બિઝનેસમૅન અજય શાહે આ વર્ષે જાન્યુઆરીમાં જોયો હતો. શાહે વાતનો દોર સાધતાં કહ્યું હતું કે 'બે-ચાર દિવસથી હું જોતો હતો કે આ અસામાન્ય યુવક માનસિક રીતે અસ્થિર છે અને તે સારા ઘરનો દેખાતો હતો. તે કોઈ પાસે કાંઈ માગતો નહોતો, પરંતુ કોઈ કશું ખાવાનું આપે તો લઈ લેતો હતો. મેં બોરીવલીમાં રહેતા મારા એક ઓળખીતા સાઈકિયાટ્રિસ્ટ ડૉ. ભરત વટવાણીનો સંપર્ક કરી તેમને આ યુવક વિશે જણાવ્યું હતું.'

આ ડૉક્ટરને ૧૯ જાન્યુઆરીએ શ્રદ્ધા સેન્ટરમાં બોલાવાયા હતા અને તેમણે આ યુવકનો અભ્યાસ કરીને તે સારા ઘરનો હોવાનું પ્રાથમિક નિદાન કર્યું હતું. જોકે તેની ભાષા અને વાતચીત કરવાની ઢબથી તે વિદેશી હોવાનું ડૉક્ટરને સમજાયું હતું, પરંતુ તે પોતાની ઓળખ આપી શકે એટલો સ્વસ્થ નહોતો. તે સ્કિઝોફ્રેનિયાનો દરદી હોવાનું અને તેને કારણે મેન્ટલ ટ્રોમામાં હોવાનું જણાયું હતું.

તેની સારી રીતે સારવાર થઈ, કપડાં બદલાયાં અને પોષણક્ષમ આહાર મળતાં તે ફરીથી સ્વસ્થ થયો અને આજે તે સ્વદેશ જવા તૈયાર છે, પરંતુ તે સ્વસ્થ થતો હતો ત્યારે કેટલીક વાર ચિત્રો દોરીને પોતાની વાત કરવાનો પ્રયત્ન કરતો રહેતો હતો. એક દિવસ અમારા બધાના આશ્ચર્ય વચ્ચે તેણે અચાનક અંગ્રેજી અને ફારસી ભાષામાં કડકડાટ બોલવાનું શરૂ કર્યું હતું.

સેયેદને પોતાના ઘરે પાછો મોકલી આપવા આ ડૉક્ટરે જ ફૉરેનર્સ રીજનલ રજિસ્ટ્રેશન ઑફિસનો સંપર્ક કર્યો હતો. આ ઑફિસના ડેપ્યુટી પોલીસ-કમિશનર અશ્વતી દોરજેએ દિલ્હી સુધીની જે પ્રક્રિયા કરવામાં મહિનો લાગે એ પ્રક્રિયા સ્થાનિક સ્તરે જ કરી આપી હતી. આ ઑફિસના અધિકારીઓના જણાવ્યા મુજબ સેયેદની બધી ડીટેલથી પોલીસ ઈરાનમાં તેના ઘર સુધી સંપર્ક કરી શકી હતી અને અચાનક પુત્રની ખબર મળતાં તેઓ ખુશ થઈ ગયા હતા.